# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) **નવી દિલ્હીમાં 12-મા બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓનું સંમેલન – કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, ભારત સર્વસંમતિ આધારિત સંવાદને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ.**
2) **કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું , વૈશ્વિક બજારના ધોરણોને પૂર્ણ કરે તેવા કૃષિ વસ્તુઓનું ઉત્પાદન દેશમાં થવું જોઈએ.**
3) **દેશભરમાં અત્યાર સુધી બે કરોડથી વધુ બાળકોના બાયોમેટ્રિક અપડેટ કરાયા – U.I.D.A.I.ની મોટી સિદ્ધિ.**
4) **ઈરાનને જણાવ્યું, અમેરિકા સાથે થયેલા કરાર હેઠળ ઈરાનની શરતો પૂરી ન થાય ત્યાં સુધી હોર્મૂઝ સામુદ્રધૂની દરિયાઈ પરિવહન માટે બંધ.**
5) **ફિબા બાસ્કેટબૉલ સ્પર્ધામાં ભારત અને કઝાખસ્તાન વચ્ચે ગુજરાતના અમદાવાદમાં મુકાબલો.**

************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV BRICS ENVIRONMENT MEETING

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવની અધ્યક્ષતામાં નવી દિલ્હીના ભારત મંડપમ્ ખાતે 12-મા બ્રિક્સ પર્યાવરણ મંત્રીઓનું સંમેલન યોજાયું. "સ્થિતિ-સ્થાપકતા, નવીનતા , સહકાર અને સ્થિરતા માટે નિર્માણ "ની વિષયવસ્તુ હેઠળ યોજાયેલા સંમેલનમાં શ્રી યાદવે કહ્યું , અધ્યક્ષ તરીકે ભારત એક ખૂલ્લા , રચનાત્મક અને સર્વસંમતિ આધારિત સંવાદને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ છે અને તમામ સભ્ય દેશોના દ્રષ્ટિકોણ તથા યોગદાનને ઘણું મહત્વ આપે છે. તેમણે માનવતાને પ્રાથમિકતા આપતા એક ટકાઉ પૃથ્વીના નિર્માણ માટે નીતિ , ટેક્નોલૉજી અને જાહેર ભાગીદારીને એકીકૃત કરવાના મહત્વ પર ભાર આપ્યો.

## (BYTE: BHUPENDRA YADAV)

***The impact of climate change** जलवायु परिवर्तन, जैव विविधता का नुकसान और प्रदूषण ये तीनों मिलकर एक बड़ा संकट पैदा कर रहे हैं। आपदाओं का बढ़ता खतरा भी दुनिया भर में पारिस्थितिकी तंत्र को प्रभावित कर रहा है। ये चुनौतियां विकासशील देशों के लिए विशेष रूप से महत्वपूर्ण हैं क्योंकि वे पर्यावरण के प्रति संवेदनशीलता , गरीबी उन्मूलन, खाद्य सुरक्षा और समावेशी विकास जैसी व्यापक विकास प्राथमिकताओं से जुड़ी होती हैं।**Food security and inclusive growth.***

શ્રી યાદવે વધુમાં કહ્યું, ભારતે વર્ષ 2005 અને 2022 વચ્ચે પ્રદૂષણ ઉત્સર્જનની તીવ્રતામાં 37 ટકાથી વધુનો ઘટાડો કર્યો. તેમણે એ વાતનો પણ ઉલ્લેખ કર્યો કે , ભારતની કુલ વીજળી ક્ષમતાના અડધાથી વધુનો ભાગ હવે સ્વચ્છ સ્ત્રોતમાંથી મળી રહ્યો છે.

# SHIVRAJ ICAR

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું , દેશમાં એવા કૃષિ વસ્તુઓનું ઉત્પાદન થવું જોઈએ, જે વૈશ્વિક બજારના ધોરણોને પૂર્ણ કરે. આ માટે ખેડૂતોને આધુનિક ટેક્નિક અને નવા કૃષિ સાધનોની માહિતી આપવી જરૂરી છે. નવી દિલ્હીમાં ભારતીય કૃષિ સંશોધન પરિષદ – I.C.A.R. ની 97-મી વાર્ષિક સામાન્ય બેઠકને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું , ઘઉં અને ચોખાના વાર્ષિક ઉત્પાદનમાં અંદાજે બમણી વૃદ્ધિ થઈ છે.

(BYTE: SHIVRAJ SINGH CHAUHAN, UNION

AGRICULTURE MINISTER)

***<u>विकसित कृषि संकल्प अभियान के दौरान ऐसे500 विषय आए जिसपे किसानों ने कहा कि हमें तो इस चीज में रिसर्च की जरूरत। और उसके बाद हमने52 टीमें बनाई वैज्ञानिकों की और हमने कहा कि रिसर्च उसमें करो जिसकी जरूरत देश को है किसानों को है।</u>***

શ્રી ચૌહાણે કૃષિ ક્ષેત્રમાં પરિવર્તન માટે ખેડૂતો અને કૃષિ વૈજ્ઞાનિકોના યોગદાનની પણ પ્રશંસા કરી. ખેતીલક્ષી પરિવર્તનનો ઉલ્લેખ કરતા તેમણે આબોહવા અનુકૂળ બીજની જરૂરિયાત પર ભાર આપ્યો. તેમણે I.C.A.R.ને એ દિશામાં સંશોધન કરવા અને રાજ્યો પાસેથી મળેલા પ્રતિભાવના આધારે સંશોધનને આગળ વધારવા પણ જણાવ્યું.

# REV RAJ LAKHPATI DIDIS

કેન્દ્રીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, દેશમાં ત્રણ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું પ્રધાનમંત્રીનું સ્વપ્ન પૂર્ણ થઈ ગયું છે અને સરકારનું લક્ષ્ય હવે અન્ય ત્રણ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું છે. રાજસ્થાનના બારામાં એક હજાર 258 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ એક કાર્યક્રમને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું , મહિલાઓને સ્વરોજગાર માટે અત્યાર સુધી 13 હજાર 461 કરોડ રૂપિયા અપાયા. રાજસ્થાનમાં રાજીવિકા યોજના હેઠળ મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. તે અંતર્ગત 32 લાખ લખપતિ દીદીઓ બનાવવામાં આવશે.

તેમણે કહ્યું , ગરીબ પરિવારોને પોતાનું ઘર મળી શકે તે સુનિશ્ચિત કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં ઘણા ફેરફાર કરાયા છે. સુધારેલી જોગવાઈઓ મુજબ, દ્વિચક્રી વાહન રાખનારી અને 15 હજાર રૂપિયા સુધી કમાણી કરનારી મહિલાઓ પણ આવાસ માટે પાત્ર બનશે. પાંચ એકરની બિનપિયત જમીન કે અઢી એકર સુધીની પિયત જમીનના માલિક ખેડૂતો પણ મકાન નિર્માણ માટે નાણાકીય મદદ માટે પાત્ર હશે.

# AADHAR UPDATE CHILDREN

દેશભરમાં અત્યાર સુધી બે કરોડથી વધુ બાળકોના બાયોમેટ્રિક અપડેટ કરાયા. ભારતીય વિશિષ્ટ ઓળખ સત્તામંડળ – U.I.D.A.I.-એ ગત સપ્ટેમ્બરમાં શરૂ થયેલા બાળકોના આધાર બાયોમેટ્રિક અપડેટના અભિયાનમાં આ સિદ્ધિ હાંસલ કરી. અભિયાન અંતર્ગત એક લાખ 56 હજારથી વધુ શાળાઓમાં બાળકોને આધાર બાયોમેટ્રિક અપડેટની સુવિધા અપાઈ.

બાળકોમાં પાંચ વર્ષ અને પછી 15 વર્ષની વયમાં બાયોમેટ્રિક અપડેટ કરાવવું જરૂરી છે. સરકારના જણાવ્યા મુજબ , સમયસર બાયોમેટ્રિક અપડેટ ન કરાય તો સરકારી યોજનાઓનો લાભ લેવા , સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને વિશ્વ-વિદ્યાલયોમાં નોંધણી દરમિયાન આધાર ચકાસણીમાં સમસ્યા આવી શકે છે.

# SC NEET PROTEST

સર્વોચ્ચ અદાલતે આજે જણાવ્યું , દિલ્હીમાં તાજેતરમાં વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સામે પોલીસની કથિત કાર્યવાહી અને પોલીસકર્મીઓ સામે હિંસાના આક્ષેપોની તપાસ માટે એક ઉચ્ચસ્તરની સમિતિની રચના કરાશે. સમિતિમાં સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના સેવાનિવૃત્ત ન્યાયાધીશો ઉપરાંત પૂર્વ પોલીસ મહાનિદેશક અને પૂર્વ C.B.I. નિદેશક સામેલ હશે.

ન્યાયમૂર્તિ સૂર્ય કાન્તની અધ્યક્ષતા હેઠળની પીઠે જણાવ્યું , સમિતિના અન્ય સભ્યોના નામ પર વિવિધ પક્ષ પાસેથી મંતવ્ય મળ્યા બાદ આવતીકાલે આદેશ જાહેર કરાશે. આ સમિતિ તથ્યોની તપાસ કરશે અને તેને જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# INDIAN MILITARY REVIEW MARSHAL

ભારતીય સેનાના ઉપપ્રમુખ , લેફ્ટનન્ટ જનરલ રાહુલ આર. સિંહે કહ્યું , યુદ્ધની બદલતી પ્રકૃતિએ સશસ્ત્ર દળો માટે ઉભરતી ટેક્નોલૉજીને ઝડપથી અપનાવવા અને સંકલન કરવાને અનિવાર્ય બનાવી દીધું છે. નવી દિલ્હીમાં આજે સર્વેલન્સ અને ઇલેક્ટ્રો-ઑપ્ટિક્સ પર ભારતીય સૈન્ય સમીક્ષાને સંબોધતા તેમણે કહ્યું , ખાસ કરીને વર્ષ 2020 પછી યુદ્ધમાં તીવ્ર અને વ્યાપક પરિવર્તન આવ્યું છે. ડિજિટલ સંચાર , ઇલેક્ટ્રૉનિક યુદ્ધ, સાયબર ઑપરેશન તથા નેટવર્ક અને ક્લાઉડ આધારિત પરિસ્થિતિ-ગત જાગૃતિ આધુનિક સૈન્ય અભિયાનોના મહત્વના ઘટક બનીને ઉભર્યા છે.

શ્રી સિંહે કહ્યું , સર્વેલન્સ એક બહુસ્તરીય માળખામાં વિકસિત થયું છે. તેમાં અવકાશ આધારિત મિલકતો , હવાઈ મંચ, માનવરહિત હવાઈ વાહનો , સંકેતો અને માનવ બુદ્ધિમત્તા તથા દરિયાઈ પ્રણાલિઓ સામેલ છે. તેમણે ડ્રૉન ક્રાન્તિને વર્ષ 2020 પછીથી યુદ્ધમાં થયેલા સૌથી મહત્વના વિકાસ પૈકીની એક ગણાવી.

# IRAN HORMUZ

ઈરાને જણાવ્યું, અમેરિકા સાથે હસ્તાક્ષર કરાયેલા 14 મુદ્દાના સમજૂતી કરાર હેઠળ ઈરાનની બધી શરતો પૂરી નહીં થાય ત્યાં સુધી હૉર્મૂઝ સામુદ્રધૂની દરિયાઈ પરિવહન માટે બંધ રહેશે. ઈરાને આ વ્યૂહાત્મક જળમાર્ગને ફરીથી ખોલવાનો વિદેશી પ્રતિબંધોને સંપૂર્ણ રીતે હટાવવા અને સૈન્ય અભિયાનોનો અંત લાવવા સાથે જોડી દીધો છે.

ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બગેર ગાલિબફે વિરોધીઓને અને હજી તણાવ વધારવા સામે ચેતવણી આપતા કહ્યું , તેમનો દેશ  દુશ્મનને તેના કાર્યો અને આક્રમકતા માટે જડબાતોડ જવાબ આપવા તૈયાર છે.

મોહમ્મદ બગેર ગાલિબફે રાજદ્વારી પ્રક્રિયાનો બચાવ કરતા કહ્યું , સૈન્ય દુશ્મનાવટને રોકવા સમજૂતી કરાર દ્વારા અપાયેલો 60 દિવસનો સમયગાળો ; ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા અને સ્થાનિક અર્થતંત્રને મજબૂત કરવાના એક મહત્વની તક પૂરી પાડે છે.

# INDONESIA EARTHQUAKE

ઇન્ડોનેશિયાના ઉત્તર સુમાત્રા પ્રાન્તમાં નિયાસ ટાપુ પાસે આજે 6.1ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. બપોરે એક વાગ્યેને 20 મિનિટે આવે લા ભૂકંપનું કેન્દ્ર બિન્દુ દક્ષિણ નિયાસ ક્ષેત્રથી અંદાજે 147 કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં 29 કિલોમીટર ઉંડું નોંધાયું. અત્યાર સુધી જાનહાની કે મિલકતને નુકસાનના કોઈ અહેવાલ નથી. આ ભૂકંપ આ મહિનાની શરૂઆતમાં આવેલા શક્તિશાળી ભૂકંપ બાદ આવ્યો છે. તેમાં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા 68 થઈ છે.

# RISHABH PANT RECORD

ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકિપર અને બેટ્સમેન રિષભ પંતે આજે શ્રીલંકા સામે પહેલી ટેસ્ટ મેચના ચોથા દિવસે ટેસ્ટ ક્રિકેટમાં 100 છગ્ગા પૂરા કર્યા છે. આ સિદ્ધિ મેળવનારા તેઓ પહેલા ભારતીય અને વિશ્વના ચોથા ખેલાડી બન્યા છે.

# NATIONAL SPORTS AWARD

**સરકારે રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર 2025ની જાહેરાત કરી. ભારતની મુખ્ય મહિલા બેડમિન્ટન ડબલ્સ જોડી ત્રિસા જૉલી અને પલ્લે-લ્લા ગાયત્રી ગોપીચંદ સહિત વિવિધ રમતના 15 અન્ય ખેલાડીઓને રમતમાં ઉત્તમ પ્રદર્શન બદલ અર્જુન પુરસ્કારથી સન્માનિત કરાશે.**

## (V/C: RITA DAVE)

*(...ભારતીય ફૂટબૉલના દિગ્ગજ ખેલાડી ઈસાયાહ અરુમૈના-યાગમને અર્જુન પુરસ્કાર લાઈફટાઈમ પુરસ્કારથી સન્માનિત કરાશે. જ્યારે ઍથ્લેટિક્સ કોચ પરવીર સિંહ , બૉક્સિંગ કોચ છોટેલાલ યાદવ અને શૂટિંગ કોચ નેહા નંદકુમાર ચૌહાણને દ્રોણાચાર્ય પુરસ્કાર અપાશે. જ્યારે પુણેની આર્મી પેરાલિમ્પિક નૉડને રાષ્ટ્રીય રમતગમત પ્રોત્સાહન પુરસ્કાર અપાશે. આ પુરસ્કાર રમતોના પ્રોત્સાહન અને વિકાસમાં નોંધપાત્ર યોગદાન બદલ કૉર્પોરેટ સંસ્થાઓ તથા બિન-સરકારી સંગઠનને અપાય છે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે જણાવ્યું, રાષ્ટ્રીય રમતગમત પુરસ્કાર દર વર્ષે રમતોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનને સન્માનિત કરવા અપાય છે.*

*રિટા દવે, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.)*

# FIBA BASKETBALL UPDATE

આંતર-રાષ્ટ્રીય બાસ્કેટબૉલ મહામંડળ – ફિબા અંડર-18 એશિયાકપ બાસ્કેટબૉલ સ્પર્ધામાં હાલ ભારત અને કઝાખસ્તાન વચ્ચે મેચ રમાઈ રહી છે. ગુજરાતમાં અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે આ મુકાબલો ચાલી રહ્યો છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ  કઝાખસ્તાનની ટીમ ભારતથી આગળ ચાલી રહી છે.  આ પહેલા ત્રીજા મુકાબલામાં જાપાન સામેની મેચમાં કૉરિયાએ વિજય મેળવ્યો. સમગ્ર મેચમાં જાપાને કૉરિયાને જોરદાર ટક્કર આપી. અંતે કૉરિયાએ 67ના સ્કોર સાથે આ મેચ જીતી.

અગાઉ બીજા મુકાબલામાં કતરે શ્રીલંકાને પરાજય આપ્યો. મેચના અંતે કતરનો સ્કોર 90 અને શ્રીલંકાનો સ્કોર 43 રહ્યો હતો. જ્યારે પહેલા મુકાબલામાં ઈરાન સામે ચીનનો વિજય થયો.